# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2554 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 25 જુલાઈ 2010 ❖ વર્ષ – 11 ❖ અંક – 04 ❖ સળંગ અંક - 124


## ધમ્મવાણી

अत्तानञ्चे तथा कयिरा यथञ्ञमनुसासति ।
सुदन्तो वत दम्मेथ अत्ता हि किर दुद्दमो ।।
धम्मपदं – १५९

જેવો અન્યોને ઉપદેશ આપે છે, તેવું પોતે જ પ્રથમ આચરણ કરે, તો પોતાનું દમન કરી શકવાવાળો અન્યોનું પણ દમન કરી શકે છે. વાસ્તવમાં પોતાનું દમન કરવું જ બહુ અઘરું છે.

## ધર્મનું શુદ્ધ સ્વરૂપ

૬, ૭ - મે, ૧૯૯૫ ના ધમ્મગિરિ પર ઉપરોક્ત વિષય પર એક વિશેષ સંમેલન થયું, જેમાં દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ પોતાના મત વ્યક્ત કર્યા. બધાએ સ્વીકાર કર્યો કે બરાબર સમજીને ધર્મને ધારણ કરવાથી જ કલ્યાણ સંભવ છે, બુદ્ધિ વિલાસથી નહીં. સંમેલન આરંભ થતાં પહેલાં પૂ. ગુરુજીએ જે ઉદ્ઘાટન પ્રવચન આપ્યું તે બધા પાઠકોના લાભાર્થે અહીં પ્રકાશિત કરીએ છીએ.

આદરણીય ભિક્ષુ સંઘ, ધર્મપ્રેમી સજ્જનો, સન્નારીઓ,

અહીં બે દિવસ માટે એકત્ર થયા છીએ, જેથી સમજી શકીએ કે ધર્મ શું છે. જે માણસ એ જ ન સમજે કે 'ધર્મ' શું છે તે તેને ધારણ શી રીતે કરે ? અને જે માણસ ધારણ ન કરે તેને ધર્મનું ફળ શી રીતે મળે ? તેને ધર્મનો લાભ શી રીતે મળે ?

આપણા દેશમાં છેલ્લાં બે હજાર વર્ષમાં ઘણી દુર્ભાગ્યની વાત એ થઈ કે આપણે 'ધર્મ' શબ્દનો અર્થ જ ખોઈ બેઠા. જ્યારથી આ દેશમાં આવ્યો છું અને જ્યાં પણ ધર્મની કોઈ પણ વાત કરું છું તો જેવો 'ધર્મ' શબ્દનો પ્રયોગ થાય કે સાંભળવાવાળાના કાન ચમકે કે આ માણસ ક્યા ધર્મની વાત કરશે - હિંદુ ધર્મની, બૌદ્ધ ધર્મની, ખ્રિસ્તી ધર્મની, મુસ્લિમ ધર્મની અથવા શીખ ધર્મની ? જાણે આ પૂંછડાં લગાવ્યા વિના ધર્મ ધર્મ જ ન હોય ! અરે ભાઈ, ક્યાં ભટકી ગયા ? ધર્મનું પોતાનું એક અસ્તિત્વ છે. તેને લાકડીના ટેકાની જરૂર નથી. આ ખપાટિયાં લાગે કે ધર્મ કમજોર બની જાય.

ધર્મને 'હિંદુ ધર્મ' કહેતાં જ 'હિંદુ' પ્રમુખ થઈ જશે, ધર્મ ગૌણ બની જશે. 'બૌદ્ધ ધર્મ' કહેતાં જ 'બૌદ્ધ' પ્રમુખ થઈ જશે. ધર્મ ગૌણ બની જશે. તેવી જ રીતે જૈન, ખ્રિસ્તી, મુસ્લિમ, શીખ, યહૂદી પ્રમુખ થઈ જશે, ધર્મ ક્યાં (પ્રમુખ) થયો ?

આ દેશમાં આટલાં વર્ષો થઈ ગયાં. શિબિરોમાં પણ અને શિબિરની બહાર પણ ઘણા લોકો એવાં મળ્યા, જે છાતી ઠોકીને કહે છે કે હું કટ્ટર હિંદુ છું, હું કટ્ટર મુસ્લિમ છું, કટ્ટર બૌદ્ધ, કટ્ટર ખ્રિસ્તી, કટ્ટર જૈન છું. કરોડોની આબાદી ધરાવતા આટલા મોટા દેશમાં આજ સુધી એક પણ માણસ એમ કહેનારો નથી મળ્યો કે ''હું કટ્ટર ધાર્મિક છું !'' કટ્ટર ધાર્મિક થવું બહુ જ કઠિન છે. કટ્ટર હિંદુ થવું કેટલું સરળ છે - આ કર્મકાંડ કરી લીધો, આ વ્રત-ઉપવાસ કરી લીધા, આ પર્વ કે તહેવાર ઉજવી લીધા કે પછી દાર્શનિક માન્યતા માની લીધી - હું કટ્ટર હિંદુ છું ! એવી રીતે કોઈ કહેશે કટ્ટર મુસલમાન, પણ ધર્મ ક્યાં ગયો ?

જ્યાં એ જ ભૂલી ગયા કે ધર્મ શું છે તો ધારણ શી રીતે કરે ? હજારો વર્ષ પહેલાં ભારતની ભાષામાં 'ધર્મ' નો અર્થ હતો - સ્વભાવ, પ્રકૃતિ, કુદરતનો નિયમ, કુદરતનો કાનૂન, વિશ્વનું વિધાન ! આજની ભાષાઓમાં પણ ક્યાંક-ક્યાંક આ અર્થમાં પ્રયોગ થાય છે, તો લાગે છે જાણે દૂરથી કોઈ ગૂંજ સંભળાતી હોય ! ઉદાહરણ તરીકે જ્યારે એમ કહીએ છીએ કે અગ્નિનો ધર્મ છે બળવું અને બાળવું. તો તે વખતે એવું નથી પૂછતાં કે આ હિંદુ અગ્નિનો ધર્મ છે કે બૌદ્ધ અગ્નિનો કે જૈન અગ્નિનો કે મુસ્લિમ અગ્નિનો ? પણ જ્યારે હું બોલવા લાગું છું તો પૂછે છે, ક્યા ધર્મની વાત કરો છો ? તમે તો બૌદ્ધ ધર્મની વાત કરો છો. 'વિપશ્યના' તો બૌદ્ધ ધર્મની છે. અરે નહિ ભાઈ, સમજો તો ખરા કે ધર્મ કોને કહે છે ? જેવી રીતે અગ્નિ અગ્નિ છે, નથી હિંદુ કે નથી મુસ્લિમ. તેવી જ રીતે બરફનો ધર્મ છે શીતળ હોવું, શીતળ કરવું. આ તેની પ્રકૃતિ છે, નહિતર બરફ બરફ નથી. તેવી જ રીતે જે બળે નહિ અને બાળે નહિ તે અગ્નિ નથી. તો આ ધર્મ છે.

એવી જ રીતે કહેવાય છે કે બધાં જ પ્રાણી જરાધર્મી છે, વ્યાધિધર્મી છે, મરણધર્મી છે. તો શું કેવળ બૌદ્ધો કે કેવળ હિંદુઓ કે કેવળ મુસલમાનો આવા છે ? અરે, બધાં જ પ્રાણી. ભાઈ, આ સ્વભાવ છે. બરાબર એ જ રીતે આપણા દેશના સંતોએ, બુદ્ધોએ અંતર્મુખ થઈને ધર્મનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું તો જોયું કે આપણા ચિત્તમાં આપણે જે ધારણ કર્યું તેનો શો ધર્મ છે, શો સ્વભાવ છે ? ચિત્તમાં આપણે કેવી વૃત્તિ ધારણ કરી ? એ વૃત્તિનો સ્વભાવ શો છે ? આપણે ક્રોધ ધારણ કર્યો કે દ્વેષ ધારણ કર્યો કે દુર્ભાવના ધારણ કરી કે અહંકાર ધારણ કર્યો કે વાસના ધારણ કરી - જે વિકાર ધારણ કર્યો તેનો સ્વભાવ શું છે ? તેનો એક જ સ્વભાવ કે તે આપણને વ્યાકુળ બનાવશે અને આસપાસના આખા વાતાવરણને વ્યાકુળ બનાવી દેશે. જેવી રીતે અગ્નિનો સ્વભાવ છે કે તે જે પાત્રમાં હોય તે પાત્રને તપાવશે અને આસપાસના આખા વાતાવરણને પણ તપાવશે. એના સંપર્કમાં જે આવશે, તે બળવા લાગશે !

એ જ રીતે આપણે અંદર વિકાર જગાવશું તો તે પહેલાં આપણને બાળશે. બહુ જ વ્યાકુળ બનાવશે અને પછી આખા વાતાવરણમાં ફેલાવાનું શરૂ થઈ જશે. તે વખતે જે આપણા સંપર્કમાં આવશે તે પણ બળવા લાગશે, વ્યાકુળ થઈ જશે. સ્વભાવ છે. જ્યારે હું મારી અંદર ક્રોધ જગાવું છું, દ્વેષ જગાવું છું, દુર્ભાવના જગાવું છું તો તેને ક્યું લેબલ ચોંટાડશો ? કે અત્યારે હિંદુ ક્રોધ આવ્યો ! હવે મુસ્લિમ ક્રોધ આવ્યો ! ના, હવે તો બૌદ્ધ ક્રોધ આવ્યો ! ચોંટાડો છો લેબલ ! અને એનાથી જે બળતરા થઈ, વ્યાકુળતા થઈ તે હિંદુ વ્યાકુળતા છે ? હિંદુ જલન છે ? બૌદ્ધ જલન છે... ? અરે, કુદરતનો કાનૂન છે. વિકાર જગાવશો તો બળશો. પછી, પોતાને હિંદુ કહો, બૌદ્ધ કહો, ખ્રિસ્તી કહો, બ્રાહ્મણ કહો, શૂદ્ર કહો, કશો ફરક પડવાનો નથી. ક્રોધ જગાવ્યો છે ને ? એ ક્રોધ એ નહિ જુએ કે આ વ્યક્તિ પોતાને ક્યા નામે ઓળખાવે છે ? તેના માથા પર કયું લેબલ લાગેલું છે. ક્યા-ક્યા કર્મકાંડો પૂરા કરે છે અથવા કઈ-કઈ દાર્શનિક માન્યતા માનવાવાળો છે, કશું નહિ પૂછે. ક્રોધ

જગાવ્યો એટલે બળવું જ પડશે. દુનિયાની કોઈ તાકાત આપણને બચાવી નહિ શકે. ભલે આ દેવીને માને કે બીજા દેવતાને માને કે ઈશ્વરને માને અથવા તો કોઈને ન પણ માને, બળવું જ પડશે, કેમ કે ક્રોધ જગાવ્યો છે ને ?

અને બરાબર એ જ રીતે ક્રોધ ન જગાવીને ચિત્તને નિર્મળ કરી લઈએ. મૈત્રી, કરુણા અને ઉપેક્ષાભાવથી ભરી દઈએ તો એટલી શાંતિ મળશે કે શું કહેવું ? હવે એ મૈત્રી, કરુણા, ઉપેક્ષાને બૌદ્ધ કહેશો કે જૈન કહેશો ? નિર્મળતા ગુણ છે અને નિર્મળ હોવાથી ચિત્તમાં એ સદ્‌ગુણો આવે જ છે અને તેના પરિણામસ્વરૂપ શાંતિ આવે છે તો એ શાંતિને 'હિંદુ' કહેશો કે મુસ્લિમ ? તેને જ ધર્મ કહ્યો અને એ ધર્મ જ્યાં સુધી અનુભૂતિ પર નથી ઊતરતો ત્યાં સુધી ભાઈ, કેવળ બુદ્ધિ વિલાસ જ થયો. હું પણ એ બુદ્ધિ વિલાસમાં બહુ અટવાયો. જીવનનાં કેટલાંય વર્ષ મેં ગુમાવ્યાં ! યાદ કરું છું કે એવી સભાઓમાં, આપણી ગીતા આમ કહે છે, આપણાં ઉપનિષદો આમ કહે છે, આવું છે, તેવું છે ! કોઈ કહે છે અમારું ધમ્મપદ આવું છે, અમારું કુરાન આવું છે ! હશે ભાઈ, હું કેવો છું એ તો નથી જોયું ને ? આપણે તો લડ્યે જ જઈએ છીએ. અમારો સારો, તમારો ખરાબ. કેટલો સમય ગુમાવ્યો, કંઈ પલ્લે ન પડ્યું અને જેવું અંતર્મુખ થઈને અંદર જોવાનું શરૂ કરી દીધું, દુનિયા જ બદલાઈ ગઈ. ક્યાંથી ક્યાં પહોંચી ગયાં ! પોતાની ભીતર જોયા વિના વાત સમજમાં નથી આવતી. બુદ્ધિની પોતાની એક સીમા હોય છે અને આ વાત એ સીમાથી બહુ જ આગળ છે. ક્યાંથી સમજી શકાય ? જ્યાં લગી અનુભૂતિ પર ન ઊતરે, ત્યાં લગી કશું નથી થવાનું. કાનૂન તો એ જ છે, જે બહાર છે, તે ભીતર છે, પરંતુ જ્યાં લગી પોતાની ભીતર જઈને સચ્ચાઈને નહિ જોઈ લઈએ, ત્યાં લગી કાનૂન સમજમાં નહિ આવે.

**જન નાનક બિન આપા ચીન્હે, કટે ન ભ્રમ કી કાઈ રે....**

નાનક જાણી ગયા, કેવળ વાતો નથી કરતા. આ પ્રકારના બુદ્ધિવિલાસમાં એમને કોઈ રસ નથી. અંતર્મુખ થઈને જાણી ગયા કે સચ્ચાઈ શું છે, કુદરતનો કાનૂન શું છે ! તો કહે છે, ''જન નાનક બિન આપા ચીન્હે'' પોતાના બારામાં જે સચ્ચાઈ છે, તે અનુભવથી નહિ જાણો તો ''કટે ન ભ્રમ કી કાઈ રે !'' આખું જીવન ભ્રમમાં જ વીતી જશે. ખૂબ સમજતા રહે. અન્યથા ''હું ધાર્મિક છું, જુઓ, હું મંદિરમાં પૂજા કરી આવ્યો ! મસ્જિદમાં નમાજ અદા કરી આવ્યો ! દેવળમાં પ્રાર્થના કરી આવ્યો ! ગુરુદ્વારામાં પાઠ કરી આવ્યો ! બૌદ્ધ ચૈત્યમાં જઈને નમસ્કાર કરી આવ્યો ! અરે, મારી વાત ન થાય ! હું જશ્ન ઉજવનારો, હું તહેવાર ઉજવનારો, હું આવો, હું તેવો....! પાગલ માણસ ! તું કેવો રે ! ધર્મને સમજ્યો જ નહિ, ધર્મ શું છે એનો અનુભવ કરીને ધારણ કર્યો જ નહિ, એની જરૂર જ ન સમજ્યો ! ''કિ વ સચિઆરા હોઈએ'' એ સચ્ચાઈ ક્યારે જાણીશ, જ્યારે સચિયારો થઈશ ! સચિયારો ક્યારે થઈશ ? જ્યારે અનુભૂતિ પર સત્ય ઉતરશે !

**કિ વ સચિઆરા હોઈએ, કિવ કૂડૈ તુટૈ પાલિ**

ભારતના આ સંતે ભારતની ભાષાને એક નવો શબ્દ આપ્યો - 'સચિઆરા'. ભારતમાં દુખિયારો શબ્દ ચાલતો હતો. જેની પાસે સુખ નથી તે દુખિયારો. જેની પાસે દુઃખ નથી તે સુખિયારો. એણે નવો શબ્દ આપ્યો 'સચિયારો'. જેની પાસે જૂઠ નથી તે. વાણીના જૂઠની વાત નથી કરતાં, ક્યું જૂઠ ?

જેને આપણે અનુભવ કર્યા વિના જ માનતા રહ્યા છીએ તે બધું જૂઠ જ જૂઠ. તેં તો અનુભવ નથી કર્યોને ? ક્યાંક વાંચ્યું છે અથવા બહુ બહુ તો તેના પર બુદ્ધિનો પ્રયોગ કર્યો હોય ! તારા માટે તો એ બધું જૂઠ જ છે. સત્ય નથી, અનુભવ પર ઊતરે ત્યારે જ સત્ય છે. તો 'કિ વ કૂડૈ તૂટૈ પાલિ' - અસત્યના બધા જ પડદા હટાવી દો. આ બધી સાંભળેલી વાતો, વાંચેલી વાતો, આપણી પરંપરાની વાતો, આપણાં શાસ્ત્રોની વાતો આપણા ગુરુ મહારાજની વાતો, આપણાં દર્શનશાસ્ત્રો વાતોએ બધાંને એક બાજુ રાખો. આ ક્ષણે મારી ભીતર જે અનુભવ થયો, તે જ મારા માટે સત્ય છે. આગલી ક્ષણ જ્યારે આ ક્ષણ બની ત્યારે તે ક્ષણે શો અનુભવ થયો. તે ક્ષણે તે મારા માટે સત્ય. આ રીતે ક્ષણ-પ્રતિક્ષણ, સત્યના જ સહારે ચાલશું તો - ''આદિ સચુ, જુગાદિ સચુ, હૈ ભી સચુ, નાનક હોસી ભી સચુ''

સત્યના સહારે ચાલતાં-ચાલતાં પરમ સત્ય સુધી પહોંચી જશે. જેવો કોઈ કલ્પનાનો સહારો લે, માન્યતાનો સહારો લે, સાંભળેલી વાતોનો સહારો લે, વાંચેલી વાતોનો સહારો લે કે તેના સહારે ચાલતાં-ચાલતાં કોઈ મોટી કલ્પનામાં અટવાઈને રહી જશે. સચ્ચાઈ તો ક્યાંય રહી જશે.

**''હુકમિ રજાઈ ચલણા, નાનક લિખિઆ નાલિ''**

'હુકમિ રજાઈ ચલણા' એક બીજો નવો શબ્દ આપ્યો એમણે તે કોઈ કુદરત કહે, કે પ્રકૃતિ કહે, કહેવો હોય તો તેને પરમાત્મા કહે, અલ્લાહતાલા કહે, ગમે તે નામ દે, પણ શો હુકમ છે તેનો ? શી રજા છે તેની ? પ્રકૃતિ શું ઈચ્છે છે ? તેના પ્રમાણે ચાલવાનું છે ! તો શો હુકમ છે ! અરે, અંદર જઈને જોયા વિના તને સચ્ચાઈની જાણ કેવી રીતે થવાની ? અંદર જઈને જોવાનું શરૂ કરીશ ત્યારે જ સમજમાં આવશે કે આ પ્રકૃતિ કહે છે કે તું જ્યારે જ્યારે વિકાર જગાવીશ, હું તો તને દંડ દઈશ ! તુરંત દંડ દઈશ. વ્યાકુળ બનાવી દઈશ. અને જેવો તું વિકારને અલગ કરીશ કે હું તને ઈનામ આપીશ. ખૂબ સુખી બનાવીશ. શાંત બનાવી દઈશ. અરે, આ નિયમ છે. 'રજા' છે, આ હુકમ છે. સચિયારા થયા વિના આ 'હુકમી રજાઈ' ની જાણ કેવી રીતે થશે ?

'નાનક લિખિઆ નાલિ' - એ પોથીઓમાં નહિં મળે ભાઈ ! આવાં પ્રવચનોમાં નહિ મળે. ચિંતન-મનન કરીને પણ નહિ મળે. એ તો આપણી ભીતર લખેલું છે તેનો અનુભવ જ્યારે થવા લાગશે કે ''આ શરીર છે'', ''આ ચિત્ત છે'' આ નામ અને રૂપનો કેવો સંબંધ છે અને શું થવાથી શું થઈ જાય છે, શું ન થવાથી શું નથી થતું. આ બધુ અનુભૂતિથી સમજીએ ત્યારે ધર્મ સમજાયો કહેવાય. ધર્મ સમજાય તો તેને ધારણ કરવા લાગીએ. સમજાય નહિ તો ધારણ શું કરીશું ! કેવી રીતે ધર્મવાન બનીશું ? તો ભ્રાંતિ જ ભ્રાંતિ રહેશે.

ધર્મના નામે આપણે જે સંપ્રદાયો ઊભા કરી દીધા તે દેશનું મોટું દુર્ભાગ્ય થયું ! ધર્મ અને સંપ્રદાય આજના ભારતમાં પર્યાયવાચી શબ્દ બની ગયા ! બંનેનો એક જ અર્થ થઈ ગયો. હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ...! અરે, જેને ધર્મ સાથે કશી લેવા-દેવા નથી, નહાવા-નિચોવવાનો પણ સંબંધ નથી તે ધર્મ શી રીતે બની ગયા ? 'હિંદુ' ધર્મ કેવી રીતે બની ગયો ? 'બૌદ્ધ' ધર્મ કેવી રીતે બની ગયો ? ધર્મ ધર્મ છે ભાઈ ! લોકોની નજરમાં આજે 'સંપ્રદાય' ખૂબ ખરાબ શબ્દ બની ગયો ! શબ્દ પોતે-પોતાની રીતે ખરાબ નથી, જે સમતા પ્રદાન કરે તે સંપ્રદાય. પણ ક્યાં સમતા પ્રદાન કરે છે ?? આજે તો તે વિષમતા પેદા કરવા લાગ્યો તેથી બહુ ગર્હિત શબ્દ બની ગયો ! ખૂબ હલકો શબ્દ બની ગયો !

આ તો સમાજ કહેવાય. આ હિંદુઓનો સમાજ છે, સંગઠન છે. આ મુસલમાનોનો, આ શીખોનો... એને ધર્મ ન કહો ભાઈ ! ધર્મ કહેવાથી ધર્મ ચાલ્યો જશે. ધર્મને ભૂલી જશો. ધર્મ તો બધાના હોય. જે સર્વજનીન છે, સર્વવ્યાપી છે, જે ઘટઘટમાં સમાયેલો છે, અણુ-અણુ પર જેની હકૂમત ચાલે છે, જે અણુ-અણુને ધારણ કરે છે, અણુ-અણુ જેને ધારણ કરે છે તે પ્રકૃતિનો નિયમ (Law of Nature), આખા વિશ્વનું વિધાન, તેને આપણે નાનો બનાવી દઈએ - આ હિંદુઓનો, આ બૌદ્ધોનો, જૈનોનો, ખ્રિસ્તીઓનો... તો અપમાન થયું ને ધર્મનું !! જે અપરિમિત છે તેને પરિમિત બનાવ્યો ને ? સીમિત બનાવ્યો ને ? અરે, ધર્મનું અપમાન શું થશે, આપણે આપણું જ અપમાન કરી રહ્યા છીએ ? આપણી હાનિ કરી રહ્યા છીએ. તેનાથી બચીએ. જે દિવસે દેશ આ દુર્ભાગ્યમાંથી બહાર નીકળી જશે, ધર્મને અલગ કરીને એના ખરા

પરિપ્રેક્ષ્યમાં જોતાં આવડી જશે ત્યારે કલ્યાણ થઈ જશે.

હિંદુઓનું સંગઠન હોવું તે કોઈ ખરાબ વાત નથી. બૌદ્ધો, જૈનો, વગેરેનું સંગઠન હોવું તે કોઈ ખરાબ વાત નથી. પોતપોતાની સાંસ્કૃતિક સુરક્ષા માટે, પોતપોતાના તહેવાર ઉજવવા માટે પોતપોતાના કર્મકાંડ કરવા માટે શરત એટલી જ કે બીજા સમાજના લોકોના મનને આઘાત ન પહોંચે ! બધાં પોતપોતાની માન્યતા માને, પણ, ધર્મ સાથે તેને કશી લેવા-દેવા નથી. ધર્મને બિલકુલ અલગ રાખે.

ધર્મનું પોતાનું એક અલગ અસ્તિત્વ છે, ખૂબ મહાન અને સ્વતંત્ર અસ્તિત્વ છે. આ અસ્તિત્વ જે દિવસે ભારતમાં આવી જશે અને ભારતની સાથે-સાથે આખા વિશ્વમાં ફેલાઈ જશે તો ખૂબ કલ્યાણ થશે. અગાઉ એવું જ કંઈક થયેલું. ધર્મની આ વાત આખા દેશમાં ફેલાઈ કે ધર્મ કઈ રીતે ધારણ કરવો ! તેનું મંગળ આખા દેશમાં ફેલાયું ને આખા વિશ્વમાં ફેલાતું ગયું. કેટલું મોટું કલ્યાણ થયું, કેટલું મંગલ થયું. ધીરે-ધીરે તેને ભૂલતાં ગયાં. ધર્મને સંપ્રદાય, કર્મકાંડ, દાર્શનિક માન્યતા બનાવી દીધો, તો તેના થકી જે લાભ મળવો જોઈતો હતો તે ક્યાંક ચાલ્યો ગયો. હવે લાભ નથી મળતો તો ઝગડા કરવાનાં જ છીએ અને તે પણ ધર્મના નામે ! ખૂબ દુઃખ થાય છે અને આશ્ચર્ય પણ થાય છે કે આ દેશને શું થઈ ગયું ! જ્યારે એક સમાજના લોકો કહે છે કે અમારે અમારો ધર્મ બચાવવો છે અને ત્યારે જ બચાવી શકીશ જ્યારે પેલા ધર્મને નષ્ટ કરી દઈશ. નહિતર પેલો ધર્મ મારા પર છવાઈ જશે, તે મારા ધર્મને નષ્ટ કરી દેશે. તો પેલા ધર્મને એટલા માટે નષ્ટ કરવો છે કે મારે મારો ધર્મ બચાવવો છે તો મંદિરો તોડશે, મસ્જિદો તોડશે, દેવળો સળગાવશે, ગુરૂદ્વારા બાળશે.

અરે, થઈ શું ગયું ? કદી જોયું છે તારી ભીતર ? તારો ધર્મ તો ત્યારે જ ખતરામાં પડી ગયો જ્યારે તે ક્રોધ જગાવ્યો, દ્વેષ જગાવ્યો, બીજા પ્રત્યે દુર્ભાવના જગાવી ! અરે, તેને બચાવને ! તારા પોતાના ધર્મને બચાવને ! જ્યાં ધર્મ જ ભૂલી ગયો, ત્યાં શું બચાવીશ ? આપણે ધર્મની રક્ષા કરીશું તો ધર્મ 'આપણી' રક્ષા કરવાનું શરૂ કરી દેશે. ધર્મની હત્યા કરીશું તો ધર્મ આપણું હનન કરવાનું શરૂ કરી દેશે. આવો પાઠ તો રોજ કરીએ છીએ કે હિંદુ ધર્મની રક્ષા કરીશું તો હિંદુ ધર્મ આપણી રક્ષા કરશે. બૌદ્ધ ધર્મની રક્ષા કરીશું... ! શું થઈ ગયું આપણને ? ક્યાં અટવાઈ ગયાં ? આખા દેશને શું થઈ ગયું ? વિચારવાનું જ બંધ કરી દીધું ! જ્યાં ધર્મની વાત આવી કે વિચારવાનું જ બંધ કરી દીધું, એવું કહીને કે :- मजहब में अकल को दखल नहीं. અક્કલની વાત ન કરો. વિશ્વાસ છે ને અમારો ! અરે, અંધવિશ્વાસને ધર્મ માની રહ્યા છો ! કરોડોની વસતિ ધરાવતા આ દેશે વિચારવાનું જ બંધ કરી દીધું ! ધર્મની વાત આવી તો વિચારવું નહિ, તેને એમ જ માનીશું !

ધર્મ કઈ રીતે રક્ષા કરે છે ? તેં પોતાની જાતને વિકારોથી અલગ રાખી તો ધર્મ તારી રક્ષા કરવા લાગ્યો. કેટલું સુખ, કેટલી શાંતિ દે છે ? અને તે વિકાર જગાવવાનું શરૂ કર્યું તો ધર્મની હત્યા કરી. ધર્મ તારી હત્યા કરવા લાગ્યો. તને વ્યાકુળ, વ્યથિત કરી દીધો. સચ્ચાઈ તો આ હતી પણ ધર્મના નામે બહુ અંધારુ ફેલાયું. ખૂબ દુઃખ ભોગવ્યાં. જાગો , હજુ પણ સમય છે જ્યારે ખૂબ અંધારૂં હોય છે ત્યારે પ્રકાશની જરૂર હોય છે. બહુ દુઃખ આવે છે ત્યારે જ સુખની ખોજ થાય છે. હવે સમય આવી ચૂક્યો છે. ધર્મના નામે ઘણું ઝઘડયાં, હવે આખો દેશ હોશમાં આવે કે ધર્મ તો ભીતર છે. વિકારોથી મુક્ત થવાનું નામ જ ધર્મ છે અને વિકારોથી વિકૃત થવાનું નામ જ અધર્મ છે. આટલી અમસ્તી વાત જે માણસની સમજમાં જેટલી જલદી આવી જાય તેટલી જલદી તે ધર્મના રસ્તે ચાલવાનો પ્રયત્ન કરવા જ લાગશે.

**વિપશ્યના શું છે ?**

સમજીએ, વિપશ્યના શું છે ? 'વિપશ્યના' એટલે વિશેષરૂપે પોતાની ભીતર જોવું તે. બધા લોકો એ જ જોશે, જે સચ્ચાઈ છે. એકને કંઈ દેખાય અને બીજાને કંઈક બીજું જ દેખાય છે; પેલાની કલ્પના કંઈક બીજી જ છે. તેને એ દેખાય છે. તો પોતપોતાની કલ્પના છે, સચ્ચાઈ નથી. આપણે ત્યાં સંતોએ કહ્યું છે કે પોતાની ભીતર પોતાની જાતને જાણો 'आपे जाणे आपे आप' - ખુદ પોતાની જાતને જાણવા લાગે તો 'रोग न व्यापे तीनों ताप' - બધા જ ભવરોગ આપોઆપ નીકળી જશે. 'आपे जाणे आपे आप'- આ વાત કોઈ સંપ્રદાયવાદીને હાથ લાગે તો કહેશે - આત્માથી આત્માને જાણો ! પોતાની જાતને ઓળખવાની વાત કહેવાઈ છે. હવે બિચારો કરે કલ્પના કે એક આત્મા જે જાણે છે તે આવો છે. આ આત્માને છોડીએ, 'સચિયારા' બનીએ અને જૂઠનાં બધાં પડ ખોલી નાખીએ.

હવે જોઈએ કે શું થઈ રહ્યું છે ? શ્વાસ આવી રહ્યો છે, કલ્પના નથી ને ? શ્વાસ જઈ રહ્યો છે, કલ્પના નથી ને ? બસ, અહીંથી જ શરૂ કરવાનું છે. આમ સચ્ચાઈને જોતાં-જોતાં બીજું શું થઈ રહ્યું છે ? આ આખા પ્રપંચને જોવાનો છે. માનસ અને શરીરનો પરસ્પર શો સંબંધ છે, તે બંને કઈ રીતે એકબીજાને પ્રભાવિત કરી રહ્યાં છે અને કઈ રીતે પ્રભાવિત થઈ થઈને વિકાર જગાવી રહ્યાં છે. કઈ રીતે વિકારોનું સંવર્ધન થાય છે અને કંઈ રીતે વિકારો આપણા માથે સવાર થઈ રહ્યા છે, કંઈ રીતે આપણી વાણી દૂષિત થઈ રહી છે, કઈ રીતે આપણા શરીરનાં કર્મ દૂષિત થઈ રહ્યાં છે. કોઈ દાર્શનિક માન્યતા સિદ્ધ કરવાથી શું મળવાનું છે ? નકામી વાત જ થાય ને !! પરંતુ પોતાના આ સ્વભાવને જોતાં-જોતાં તેને બદલી નાખીશું. શી રીતે ? વિકાર જાગ્યો હોય અને આપણે જોઈ રહ્યા હોઈએ તો તે નબળો થઈ જાય. પરંતુ વિકાર જાગ્યો હોય અને આપણે ન જોઈએ તો તે આપણા માથે સવાર થઈ જશે.

આટલી જ સીધી સાદી વાત છે કે આપણે વિકારોથી છુટકારો પામવાનો છે, જ્યાં લગી વિકાર ભીતર છે, ત્યાં સુધી આપણને હિંદુ કહીએ, બૌદ્ધ કહીએ, ખ્રિસ્તી કહીએ.... તો ભલે આપણે બીજું બધુ હોઈએ પણ ધાર્મિક નથી. ધર્મ સાથે આપણને નહાવા-નિચોવવાનો પણ સંબંધ નથી. ધર્મનો આપણને કશો લાભ નહિ મળે.

ધારણ કરીશું તો આપણને ધર્મનો ખૂબ લાભ મળશે. આ ધર્મનો દેશ છે. આ દેશમાં આટલા સંતો થયા, અર્હતો થયા, સત્પુરુષો થયા, બુદ્ધો થયા. આ દેશના લોકોને ધર્મ મુબારક હો અને પોતાની ભીતર જાગેલો ધર્મ મુબારક હો જેથી આ દેશમાં સુખ-શાંતિ આવે. ફેલાતાં-ફેલાતાં પાડોશી દેશોમાં જ નહિ, આખા વિશ્વમાં ફેલાઈ જાય. ખૂબ મંગલ થશે. ધર્મ જાગશે તો મંગલ જ મંગલ થશે. કલ્યાણ જ કલ્યાણ થશે.

આજની ધર્મસભામાં જેઓ આવ્યા છે, તેમાંના જેમણે અગાઉ દસ દિવસની સાધના કરી છે એમને કહેવા માંગું છું કે હજુ વધારે ઊંડાણમાં જાઓ. હજી તો બાલમંદિરમાં આવ્યા છો, ખૂબ ઊંડો સમુદ્ર છે. જેટલા ઊંડાણમાં જતાં જશો, તેટલા અણમોલ રત્નો મળતાં જશે અને જેમણે હજુ સુધી બાલમંદિરનો ક્લાસ પણ નથી ભર્યો તેમને મારા અનુભવથી કહું છું કે ભાઈ, મનુષ્યનું જીવન ખૂબ અણમોલ જીવન છે. એ અર્થમાં અણમોલ કે મનુષ્યજીવનમાં અંતર્મુખ થઈને જોઈ શકીએ છીએ. આ કામ કોઈ પશુ-પક્ષી, સરિસૃપ, કીડા-મંકોડા કે પ્રેત-પ્રાણી નથી કરી શકતાં. મનુષ્યને કુદરતે અથવા કહો કે પરમાત્માએ આટલી મોટી શક્તિ આપી છે કે કુદરતના કાનૂનને જોઈ લે, અનુભવ કરી લે, ધર્મને જોઈ તે અનુભવ કરી અને એ અનુસાર પોતાનું જીવન ઢાળી દે. મનુષ્યજીવન મળ્યું અને આ કલ્યાણકારી, ખોવાયેલી વિદ્યા ફરીથી ભારતમાં આવી છે. લોકોનું ખૂબ કલ્યાણ કરે, ખૂબ મંગલ કરે બધાનું મંગલ થાય. બધાનું ભલું થાય. બધાંની સ્વસ્તિ મુક્તિ થાય !

- મંગલમિત્ર,

સત્યનારાયણ ગોયન્કા

**રાજકોટ સિટિ ઓફિસ માટે મેનેજરની આવશ્યકતા**

રાજકોટ સિટિ ઓફિસ ખાતે મેનેજર તરીકે સેવા આપી શકે તેવા ધર્મસેવકની જરૂરત છે. ફૂલટાઈમ/પાર્ટ ટાઈમ સેવા આપી શકે તેવા ઈચ્છુક ધર્મસેવક સિટિ ઓફિસનો સંપર્ક કરશો. જરૂરતમંદ વ્યક્તિને માનદ્ વેતન પણ આપી શકાશે.

## જૂના સાધકો માટે સૌરાષ્ટ્રમાં થતી સાધનાની માહિતી

■ :: **જેતપુર** :: એક દિવસીય શિબિર : દર ચોથા રવિવારે ૭.૩૦ થી ૧.૦૦ દર રવિવારે સવારે ૮ થી ૯, પાટીદાર ડાઇંગ, નવાગઢ રોડ. સામૂહિક સાધના : ડો. વાઘવાણી હોસ્પીટલ, સોમ થી શનિ સવારે ૬ થી ૭, રાત્રે ૯ થી ૧૦. સંપર્ક : હિતેષભાઈ ધોળિયા – ફોન : 02823-224856, M. :99093 12946, અરવિંદભાઈ દવે – ફોન : 02823-224020, M. 94282 62257

■ :: **મોરબી** :: એક દિવસીય શિબિર : દર મહિનાના બીજા રવિવારે સવારે ૮ થી ૧, સામૂહિક સાધના : બુધવાર સવારે ૭ થી ૮, સરકારી આંખની હોસ્પીટલ, ગાંધી ચોક. સંપર્ક : ગિરધરભાઈ આદ્રોજા – M. 99250 12211, ડો. કાતરિયા – ફોન : 02822 - 227501, M. 99090 26026

■ :: **દિવ** :: સામૂહિક સાધના : દર રવિવારે સાંજે ૬:૩૦ થી ૭:૩૦, જૈન ઉપાશ્રય, સોરઠિયા શેરી મેઈન રોડ, દિવ. સંપર્ક : અશોકભાઈ કુલબારૈયા – M. 99096 23310, પ્રેમજીભાઈ – M. 94272 03702.

■ :: **જૂનાગઢ** :: સામૂહિક સાધના : દર રવિવારે સવારે ૮:૦૦ થી ૯:૦૦, મણિભાઈ કાલરીયા સત્સંગ હોલ, રાયજીનગર, જૂનાગઢ. દૈનિક સામૂહિક સાધના : સમય : ૮.૩૦ થી ૯.૩૦ રાત્રે, એ–૩૦૨, મોતી પેલેસ, રાયજીનગર સામે, જૂનાગઢ. શ્રી જગદીશભાઈ અમલાણી – M. 94271 83365, શ્રી રમણીકભાઈ કવા – M. 94272 05405. ડૉ. ધીરૂભાઈ શાહ – M. 98980 22136.

■ :: **ભાવનગર** :: એક દિવસીય શિબિર : મહિનાના બીજા રવિવારે, સમય : સવારે ૭–૩૦ થી ૨, સામૂહિક સાધના : દર રવિવારે સવારે ૭ થી ૮, આરાધના ફ્લેટ, મેઘાલય સર્કલ, દર ગુરૂવારે સાંજે ૬.૩૦ થી ૭.૩૦, ૧૦–વર્ષા સોસાયટી, સુભાષનગર. સંપર્ક : અનિલભાઈ શાહ, ફોન : 0278 - 3202002, M. : 94272 32145.

■ :: **અમરેલી** :: એક દિવસીય શિબિર : મહિનાના ત્રીજા રવિવારે સવારે ૯ થી ૪, કમલ વિલા, મહિલા લાયબ્રેરીની બાજુની ગલીમાં, લાયબ્રેરી રોડ. સામૂહિક સાધના : દર શનિવારે સવારે ૬:૩૦ થી ૭:૩૦, ૧૫૮–ઓમનગર. નટુભાઈ મકવાણા, ચિત્તલ રોડ. સંપર્ક : દ્વારકાદાસ લલાડિયા – ફોન : (02792) 223983, M. 94262 31449, અશોકભાઈ ભુવા : 99253 73646

■ :: **સુરેન્દ્રનગર** :: એક દિવસીય શિબિર : દર મહિનાના પહેલા રવિવારે સવારે ૧૧ થી ૫, સામૂહિક સાધના : રોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦, ૧૦–બેંકર્સ સોસાયટી, વઢવાણ. દરરોજ સાંજે ૬.૩૦ થી ૭.૩૦, બોસ્ટન રેસ્ટ હાઉસ, જૂના જંકશન રોડ. સંપર્ક : જોનભાઈ – M. 93746 03107, ડો. બાવીસી – ફોન : R. 02852-232564, 235033, M. 99988 29969, મહાસતીજી – ફોન : 02752-242030

■ :: **જામનગર** :: એક દિવસીય શિબિર : દર બીજા રવિવારે બપોરે ૧૨ થી ૬ અને સામૂહિક સાધના : દરરોજ સવારે ૮ થી ૯, સાંજે ૮ થી ૯, ભગવાનદાસ મોતિયાણી, ૬૫/૬૬, દિગ્વિજય પ્લોટ, જોલી બંગલા પાછળ, પટેલ સેવા સમાજ પાસે, જામનગર. સંપર્ક : હિનાબેન ત્રિવેદી – M. 93289 05600, રમેશભાઈ મહેતા – ફોન : 0288-2677761, સંજયભાઈ – M. 94288 64557, ઈન્દુબેન મોઢા – M. 94272 71002. ભગવાનદાસ મોતિયાણી – M. 98986 71251

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 254634, 252345 (M) 94272 33000 |

### ૨૦૧૦ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | |
|---|---|---|---|
| 28-07-10 to 08-08-10 | 27-07-10 to 07-08-10 | 04-08-10 to 15-08-10 | 28-07-10 to 08-08-10 |
| 11-08-10 to 22-08-10 | 20-08-10 to 31-08-10 | 18-08-10 to 29-08-10 | 01-09-10 to 12-09-10 |
| 31-08-10 to 11-09-10 | 03-09-10 to 14-09-10 | 15-09-10 to 26-09-10 | 06-10-10 to 17-10-10 |
| 15-09-10 to 26-09-10 | 16-09-10 to 27-09-10 | 06-10-10 to 17-10-10 | 20-10-10 to 31-10-10 |
| 30-10-10 to 10-11-10 | 04-10-10 to 15-10-10 | 20-10-10 to 31-10-10 | 08-11-10 to 19-11-10 |
| 11-11-10 to 22-11-10 | 18-10-10 to 29-10-10 | 03-11-10 to 14-11-10 | 01-12-10 to 12-12-10 |
| 24-11-10 to 05-12-10 | 07-11-10 to 18-11-10 | 17-11-10 to 28-11-10 | |
| 18-12-10 to 29-12-10 | 21-11-10 to 02-12-10 | **: મોગર :** | **: ધર્મજ :** |
| 05-01-11 to 16-01-11 | | 'ધમ્મભવન' ૫–કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫–૨૩૪૧૧૮૧ | હિંમતભાઈ પટેલ (૦૨૬૯૭) ૨૪૪૬૫૬ મો. : ૯૪૨૫૬ ૦૦૭૬૫ 06-09-10 to 17-09-10 |
| 19-01-11 to 30-01-11 | | | |
| 02-02-11 to 13-02-11 | | | |
| 16-02-11 to 27-02-11 | | | |

### ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો

| | | | |
|---|---|---|---|
| 17-10-10 to 25-10-10<br>04-02-11 to 12-02-11 | 06-10-10 to 14-10-10 | | 18-09-10 to 26-09-10 |

### ફક્ત જૂના સાધકો માટે વિશેષ શિબિરો

| | | | |
|---|---|---|---|
| 16-02-11 to 27-02-11 | 18-10-10 to 29-10-10 | 01-09-10 to 12-09-10 | 15-12-10 to 26-12-10 |

### ગંભીર સાધકો માટે ૨૦–૩૦–૪૫ દિવસીય શિબિર

| | | | |
|---|---|---|---|
| (૨૦ દિવસ)<br>5-10-10 to 26-10-10 | (૨૦ દિવસ)<br>27-07-10 to 17-08-10<br>(૩૦ દિવસ)<br>05-12-10 to 05-01-11<br>(૪૫ દિવસ)<br>05-12-10 to 20-01-11 | | સહાયક આચાર્યોની પ્રશિક્ષણ કાર્યશાળા<br>29-09-10 to 03-10-10 |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

અપને અપને કર્મ પર, અપના હી અધિકાર ।
સ્વયં બનાવે કર્મ પથ, સ્વયં મિટાવન હાર ॥
તૂ હી બ્રહ્મા વિષ્ણુ હૈ, મહાકાલ વિકરાલ ।
તેરે ચરણોં મેં પડે, સ્વર્ગ ધરા પાતાલ ॥
તૂ હી તેરા ઈશ હૈ, તૂ તેરા ભરતાર ।
અપની દુર્ગતિ સુગતિ કા, તૂ હી તો કરતાર ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

કિસકી પૂજા અર્ચના, કિસસે તૂ ભયભીત ।
તૂ હી તેરા શત્રુ હૈ, તૂ હી તેરા મીત ॥
દુર્ગતિ તેરે હાથ મેં, સદ્‌ગતિ તેરે હાથ ।
બાત ધરમ કી સમઝ લે, તૂ હી તેરા નાથ ॥
સુખ દુઃખ અપને કર્મ કે, અવિચલ વિશ્વ વિધાન ।
તૂ તેરા યમરાજ હૈ, તૂ તારક ભગવાન ॥

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 25 જુલાઈ 2010** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-
વાર્ષિક લવાજમ : રૂા. 30/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 8 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org

જૂના સાધકોનો સેમિનાર
તા. ૨૮ ઓગસ્ટ ૨૦૧૦ સવારે ૯ વાગ્યાથી
તા. ૨૯ ઓગસ્ટ ૨૦૧૦ સાંજે પાંચ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૨૭ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો
અન્યથા મોડામાં મોડું તા. ૨૮ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૨૮-૮-૧૦ સવાર થી તા. : ૨૯-૮-૧૦ સાંજ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : __________ મોબાઇલ : __________ ઇ-મેઇલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ____________________

હોદ્દો : __________ ધંધાની વિગત : __________

# ધમ્મ સેવક/સેવિકા/ટ્રસ્ટી/સી.સી.ટી/જૂના સાધકોનું સંમલેન, ૨૦૧૦

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતા જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના બહુજન હિતાય બહુજન સુખાય અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઇ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના નાનાં-મોટાં અનેક સ્થાનો જેમ કે જૂનાગઢ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વિરમગામ, જામનગર, ઉના, દિવ, વગેરે સ્થાનોથી વર્ષમાં લગભગ બે વખત ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती

ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઇ રહ્યું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા અભિવ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિત સુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે.

આ સંમેલન તા. ૨૮-૮-૨૦૧૦, શનિવારે સવારે ૯ વાગ્યાથી તા. ૨૯-૮-૨૦૧૦, રવિવાર સાંજે પાંચ વાગ્યા સુધી યોજેલ છે. બહારગામના સાધકોને તા. ૨૭-૮-૨૦૧૦ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૨૭-૮-૨૦૧૦ સાંજે સાત વાગે તેમ જ તા. ૨૮-૮-૨૦૧૦ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સીટી ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.

આ સંમેલનનો લાભ ઉઠાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

**ચિંતન મનન માટેના વિષયો :–**

૧. વધુ ને વધુ લોકોને ધર્મની જાણકારી કઇ રીતે મળી શકે.
૨. સૌરાષ્ટ્રના અલગ અલગ સ્થાનો પર જિપ્સી શિબિરોનું આયોજન.
૩. જૂના સાધકોને પ્રેરણા મળે/પ્રગતિ માટે ચિંતન કરવું.
૪. ધર્મ સેવાનો લાભ કેન્દ્ર પર અન્યત્ર કઇ રીતે લઇ શકાય.

**ગુરુપૂર્ણિમા નિમિત્તે સૌરાષ્ટ્રમાં નીચેના સ્થાનો-સમય પર તા. ૨૫ જુલાઈ, ૨૦૧૦ ના રવિવારે સમૂહ-સાધના, ધર્મ પ્રવચન, ધર્મચર્ચાનું આયોજન થશે. લાભ લેવા અનુરોધ.**

- **રાજકોટ :** સમય : સવારે ૮ થી ૧૧ કલાકે. માસૂમ સ્કૂલ, એસ.એન.કે. સ્કૂલ પાછળ, જ્યોતિનગર મેઈન રોડ, રાજકોટ.
- **જામનગર :** સમય : સવારે ૮ થી ૧૧ કલાકે, ભગવાનદાસ મોતિવાળી દીપવાસ, જેલી બંગલો પાછળ, ૬૫/૬૬, દિગ્વિજય પ્લોટ, પટેલ સેવા સમાજની બાજુમાં, જામનગર. સંપર્ક : મો. 98986 71251
- **મોરબી :** સમય : સવારે ૮ થી ૧૧ કલાકે, સરકારી આંખની હોસ્પિટલ, ગાંધી ચોક, મોરબી. સંપર્ક : ફોન : (02822) 227501, મો. 99090 26026
- **ભાવનગર :** સમય : સવારે ૧૦ થી બપોરે ૧ કલાકે, (ભોજન વ્યવસ્થા રાખેલ છે). વિજ્ઞાન નગરી, આંબાવાડી, યશવંતરાય નાટયગૃહ પાછળ, ભાવનગર. સંપર્ક : ફોન : (0278) 3202002, મો. 94272 32145
- **અમરેલી :** સમય : સાંજે ૭ થી ૯ કલાકે, સાલ્વે સાહેબ, મોતાભાઈ ગાંધી સામે, ભગિની પાછળ, સુખનિવાસ કોલોની રોડ, અમરેલી. સંપર્ક : ફોન : (02792) 223983, મો. 94262 31449.
- **સુરેન્દ્રનગર :** સમય : સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે. (ભોજન વ્યવસ્થા રાખેલ છે). ''મંગલમ'', ૧૦ બેંકર કોલોની, વઢવાણ, સુરેન્દ્રનગર. સંપર્ક : મો. 93746 03107
- **જેતપુર :** સમય : સવારે ૮ થી બપોરે ૩ કલાકે. (ભોજન વ્યવસ્થા રાખેલ છે). પાટીદાર ડાઈંગ, નવાગઢ રોડ, જેતપુર. સંપર્ક : મો. 99093 12946 / 94282 62257.
- **પોરબંદર :** સમય : સવારે ૮ થી ૧૧ કલાકે. ઘેડિયા રાજપરા કન્યાશાળા, બાલુબા કન્યાશાળા સામે, જૂના ફૂવારા પાછળ, મહાત્મા ગાંધી રોડ, પોરબંદર. સંપર્ક : ફોન : (0286) 2244932, મો. 94283 77440.
- **જામખંભાળિયા :** સમય : સાંજે ૫ થી ૮ કલાકે. પરિધાન સિલેક્શનની ઉપર, સુપર માર્કેટ, સ્ટેટ બેંકની બાજુમાં, દરબારગઢ, જામખંભાળિયા. સંપર્ક : મો. 94275 73380.
- **ઉના-દીવ :** સમય : સવારે ૮ થી બપોરે ૧ કલાકે, (ભોજન વ્યવસ્થા રાખેલ છે). હરેશકુમાર ટીલવાણી, વ્રજભૂમિ સોસાયટી, ગીરગઢડા રોડ, નવી મામલતદાર ઓફિસ પાછળ, ઉના. સંપર્ક : મો. 94277 38070, 96246 05250.
- **મહુવા :** સમય : બપોરે ૩ થી ૫ કલાકે. વાઘનગર હાઈસ્કૂલ, વાઘ નગર, તા. મહુવા. જી. ભાવનગર. સંપર્ક : મો. 99791 86856.

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઈચ્છો છો? ____________________

____________________

કોઈ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? __________

____________________

તારીખ : ____________ સહી : ____________

# જાઓ ધર્મદૂતો ! ધર્મ પ્રચારણ માટે વિચરણ કરો

જે સદ્ધર્મ છે, એટલે કે જે સત્ય પર આધારિત ધર્મ છે, તે स्वाक्खातो એટલે સારી રીતે આખ્યાત કરાએલો છે, સમજાવાયો છે. તેમાં કોઈ ગૂંચવણ કે ભૂલભૂલામણી નથી. સ્પષ્ટ છે, તેથી સદ્ધર્મ છે. સદ્ધર્મ सन्दिट्ठिको એટલે પ્રત્યક્ષ સચ્ચાઈ પર આધારિત છે તેના પાલન કરવાનું ફળ પણ अकालिको છે. અર્થાત્ હમણાં અહીં જ મળવા લાગે છે. જે તેનો જરાક પણ રસ ચાખી લે છે, તેનાથી રહેવાતું નથી, બીજાઓને કહેવા લાગે છે, एहिपस्सिको એટલે કે આવો, તમે પણ ચાખીને જુઓ. જો, આ કઈ રીતે ओपनेय्यिको એટલે કદમ કદમ દુઃખ મુકિત તરફ લઈ જાય છે. पच्चत्तं वेदितब्बो विञ्ञूहि એટલે પ્રત્યેક સમજદાર વ્યકિતને માટે સ્વયં અનુભવ કરવા યોગ્ય છે.

એક સામાન્ય સાધક પણ સ્વયં ચાખીને બીજાને एहिपस्सिको આવો, જુઓ ના પોકાર કરવા લાગે છે. અહીં તો ૬૦ વિપશ્યી અરહંતો છે. જે શીખ્યું છે તેને પોતાના સુધી સીમિત શી રીતે રાખી શકે ? માનસમાં લોકહિતની પ્રબળ ભાવના જાગવા લાગી. ભગવાન પણ એમ જ ઈચ્છતા હતા. ઋષિપત્તન મૃગદાવમાં પહેલો વર્ષાવાસ પૂરો કરીને અશ્વિની શરદપૂર્ણિમાના દિવસે ભગવાને આ ૬૦ ધર્મદૂત અરહંતોને પ્રોત્સાહિત કર્યા કે તેઓ સદ્ધર્મ પ્રચારણ માટે વિચરણ કરે. चरथ भिक्खवे, चारिकं, बहुजन हिताय बहुजन सुखाय.

દુઃખિયારાંની સંખ્યા બહુ મોટી છે. ધર્મપ્રચારણનું ક્ષેત્ર બહુ મોટું છે. તેથી એવી રીતે ચારિકા કરો કે જેથી અધિકમાં અધિક લોકોનું હિત સધાય, તેમને સુખ પ્રાપ્ત થાય. લોકો પર અનુકંપા કરીને ધર્મચારિકા કરો, ધર્મ વહેંચો જેથી દેવો અને મનુષ્યોનું, એટલે કે રાજાઓ અને પ્રજાઓનું હિતસુખ સધાય છે.

ધ્યાન રાખશો કે અધિકમાં અધિક લોકો લાભાન્વિત થાય. આ નિમિતે અલગ અલગ એકલાં ચારિકા કરે. કોઈ પથ પર એકી સાથે બે ધર્મદૂત ન જાય. मा एकेन द्वे अगमित्थ જેથી અધિક જનોનો સંપર્ક થાય અને તેમને ધર્મ મળી શકે.

બહુજનોને ધર્મ સમજાવો. કેવળ શબ્દોમાં જ નહીં, બલ્કે સ્પષ્ટ રીતે અર્થોમાં સમજાવો. सात्थं सब्यञ्जनं કેવળ ઉપદેશો દ્વારા સૈદ્ધાંતિક રૂપમાં જ નહિ, બલ્કે આ બ્રહ્મચરણને એટલે કે ધર્માચરણને પોતાના જીવનમાં ઉતારીને તેના ક્રિયાત્મક રૂપને પ્રકાશિત કરો. ब्रह्मचरियं पकासेथ ।

સર્વજનીન ધર્મનો ઉપદેશ આપો જે બધાંનો છે, કોઈ સંપ્રદાયવિશેષનો નથી. તેથી તેને 'ધર્મ' કહ્યો, 'બૌદ્ધધર્મ' નહીં. સર્વજનીન ધર્મ પણ એવો, જે આદિમાં કલ્યાકારી, મધ્યમાં કલ્યાણકારી અને અંતમાં કલ્યાણકારી છે. એટલે કે શીલમાં કલ્યાણકારી, સમાધિમાં કલ્યાણકારી અને પ્રજ્ઞામાં કલ્યાણકારી છે.

જે કોઈ વ્યકિત શીલમાં પરિપકવ થાય, તેની સમાધિ મહાફળદાયિની હોય છે. જે સમાધિમાં પરિપકવ થાય, તેની પ્રજ્ઞા મહાફળદાયિની હોય છે. જે પ્રજ્ઞામાં સ્થિત થઈને સ્થિતપ્રજ્ઞ થઈ જાય છે, તે સર્વથા દુઃખમુકત થઈ જાય છે, ભવમુકત થઈ જાય છે. મુકિતનું આ ફળ કોઈ સંપ્રદાય વિશેષના લોકો સુધી સીમિત નથી, બલ્કે બધાંને માટે છે.

શીલ-સમાધિ-પ્રજ્ઞાનો આ આર્ય આષ્ટાંગિક માર્ગીય વિપશ્યના-ધર્મ સર્વથા પરિપૂર્ણ છે. તેમાં કશું જોડવાની આવશ્યકતા નથી જોડવાથી દૂષિત થઈ જશે, મલીન થઈ જશે. આ ધર્મ સર્વથા પરિશુદ્ધ છે. અશુદ્ધ માનીને તેમાંથી કશું કાઢી નાખવાથીએ ક્ષીણ થઈ જશે, દુર્બળ થઈ જશે.

આ સમજાવતાં ભગવાને કહ્યું-ભિક્ષુઓ! लोकानुकम्पाय લોકો પર અનુકંપા કરીને, બહુજનોના હિતને માટે, બહુજનોના સુખને માટે વિચરણ કરો.

वरो वरञ्ञू वरदोवराहरो अनुत्तरो धम्मवरं अदेयसि (खुद्दकपाठ ૬, रतनसुत्त – ૧૪)

શ્રેષ્ઠને જાણનાર, દેનાર, લાવનાર શ્રેષ્ઠ બુદ્ધે અનુત્તર ધર્મનો ઉપદેશ આપ્યો.

– સત્યનારાયણ ગોયન્કા